## અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ૧૭મીએ ગરબાનું આયોજન

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ દિવ્યાબેન રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા નવરાત્રીના બીજા નોરતે બહેનો માટેના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. મા આદ્યશક્તિ જગદંબાની આરાધના કરતુ પર્વ એટલે નવરાત્રી મહોત્સવ. નવરાત્રી મહોત્સવમાં બહેનો મા અંબાની મન મુકીને આરાધના કરતી હોય છે અને તાલીઓના તાલે મા ના ગરબે ઝૂમતી હોય છે.

નવરાત્રી મહોત્સવમાં નવે નવ દિવસ આબાલ વૃદ્ધ મા આદ્યશક્તિ જગત જનનીની દિવસ રાત આરાધના કરતા હોય છે ત્યારે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા નવરાત્રીના બીજા જ નોરતે એટલે કે તા. ૧૭મી ઓક્ટોબર-૨૦૧૨ને બુધવારના રોજ બલરામ ભવનના હોલમાં બહેનો માટે ગરબા રાખવામાં આવ્યા છે. બપોરે ૨ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન બલરામ ભવન ખાતે બહેનો નીતનવા શણગાર સાથે આવી જગતજનનીની આરાધના સાથે ગરબે ઘૂમશે. ગાંધીનગરની તમામ બહેનોએ ગરબાનો લાભ લેવા તેમ ગાંધીનગર જિલ્લા શાખાના પ્રમુખ નીલમબેન કામદારે ખાસ જણાવ્યું છે. આ પ્રસંગે દરેક બહેને વર્ષ-૨૦૧૨-૨૦૧૩નું મેમ્બર કાર્ડ અવશ્ય સાથે લાવવાનું રહેશે જેની સૌએ નોંધ લેવી.

# ફતેપુર વિસ્તારમાં ગટરના ગંદા પાણીનો ઉપદ્રવ થતાં વસાહતીઓ પરેશાન

### ડ્રેનેજ ઈન્કવાયરીમાં પાંચ-પાંચ વાર ફરિયાદ છતાં તંત્ર ઘોર નિંદ્રામાં

ગાંધીનગર, તા. ૧૪

વિકાસના કામો અને સ્વચ્છતાના બણગા ફુંકતું તંત્ર પાટનગરના ફતેપુરા વિસ્તારની ફરિયાદો પાંચ પાંચવાર લેખિતમાં રજૂ થઈ છતાં સાંભળતુ નથી અને કોઈ કામગારી કરતું નથી તેવા આક્ષેપો ફતેપુરા સમસ્ત ગ્રામજનો દ્વારા થયા છે.

ગાંધીનગરના સેક્ટર-૧૫ના ફતેપુરા વિસ્તારમાં આશરે ૮૦૦ કાચા-પાકા મકાનોમાં ૩૦૦૦ જેટલા લોકો રહે છે. આ વિસ્તારના લોકોની ફરિયાદ છે કે, અહીં બારેમાસ ગટરોના ગંદા પાણી જાહેર રસ્તાઓ ઉપર 'ઓપન કેનલ'ની માફક ચોવીસ કલાક વહ્યા કરે છે. જેથી આ વિસ્તારમાં સખત દુર્ગંધ રહ્યા કરે છે. ગંદકીના લીધે માખી અને મચ્છરોનો સખત ઉપદ્રવ વધી ગયો છે. પ્રાથમિક શાળાના બાળકો, વૃદ્ધો તેમજ દર્દીઓને જવા આવવા માટે ભારે મુશ્કેલી પડતી હોવાની લોકો ફરિયાદ કરે છે.

સમસ્ત ગ્રામજનો ફતેપુરાના અગ્રણીઓએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ સામુહિક સહીઓ સાથે લેખિતમાં રજૂઆત કરી છે છતાં કાયમી નિરાકરણ આવ્યું નથી. વસાહતીઓએ જણાવ્યું છે કે, સેક્ટર-૨૪ ડ્રેનેજ ઈન્કવાયરીમાં તા. ૧૮મી ઓગષ્ટ-૨૦૧૨, ૨૭મી ઓગષ્ટ-૨૦૧૨, ૩જી સપ્ટેમ્બર-૨૦૧૨, ૧૪મી સપ્ટેમ્બર-૨૦૧૨, ૨૪મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ લેખિતમાં ફરિયાદો આપી છે. પરંતુ સરકારી તંત્ર આ બાબતે કોઈ કાર્યવાહી કરતું નથી. સેક્ટર-૧૫માં એલ.ડી.આર.પી. કોલેજના પાછળના ભાગે જાહેર રસ્તા ઉપર છેલ્લા બે મહિનાથી ગટરોના ગંદા પાણી ખુલ્લી કેનાલની જેમ ચોવીસ કલાક વહ્યા કરે છે. નાના બાળકો, મહિલાઓ, વડીલ બંધુઓ, વૃદ્ધજનોને અવરજવરમાં સતત મુશ્કેલી પડી રહી છે. મોં દાબીને કે નાક બંધ કરીને, લોકોને અહીંથી પસાર થવું પડે છે. તંત્ર આ બાબતે જાગે અને કામગીરી આરંભે તેવી સૌની માંગણી છે.

# ચિલોડા સર્કલે ગાડીમાં જુગાર રમતા ૩ શકુનીઓ ઝડપાયા

### રૂ. ૧.૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેયની ધરપકડ

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર તરફ આવવાના બસ સ્ટેન્ડની બાજુમાં ગાડીમાં જુગાર રમતા ત્રણ શખ્સોને ચિલોડા પોલીસે પકડી પાડી જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર તરફના બસ સ્ટેન્ડની બાજુમાં સાંજના સુમારે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પી.આઈ. બી.સી. ઠકકરની સુચનાથી પોલીસે રેડ પાડી ગાડીમાં જુગાર રમતા ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. જેમાં સુરેશ બાબુભાઈ પરમાર, અર્જુન ચંદ્રસિંહ સોલંકી, નટવર ઉદેસિંહ ઠાકોરને જુગાર રમવાના સાહિત્ય સહિત ગાડી, ત્રણ મોબાઈલ અને રોકડ રકમ સહિત પોલીસે રૂ. ૧,૦૨,૧૬૦ના મુદ્દામાલ કબજે લઈ જુગારધારાનો ગુનો નોંધી હે.કો. કાન્તિભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.



ઘ-૭ સર્કલ પાસે રવિવારે મોટર કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારમાં બ્રહ્માકુમારીઝની બહેનો તથા કાર્યકર ભાઈઓ સવાર હતા. (તસવીર : દિપક જાની)



સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત પાંચમા વિદ્યાર્થી સન્માન સમારોહ અંતર્ગત સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# ધણપ ગામના મકાનમાં દરોડો પાડી પોલીસે દારૂનો જથ્થો જપ્ત કર્યો

### ૭૨ નંગ વિદેશી દારૂની બોટલો કબ્જે લઈ બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા ધણપ ગામમાં એક મકાનમાં વિદેશી દારૂનો ધંધો ચાલતો હોવાની બાતમી ચિલોડા પોલીસને મળતા પી.આઈ.એ. તેમના સ્ટાફ સાથે જઈ દરોડો પાડયો હતો. મકાનમાંથી ૬ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે તમામ ૭૨ નંગ દારૂની બોટલો જપ્ત કરી મંડપના વ્યવસાય સાથે સંકળાયેલા બુટલેગરની ધરપકડ કરી લઈ સઘન કાર્યવાહી શરુ કરી છે.

ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે દારૂના વેચાણ પર પણ પોલીસે બાજ નજર કરી દીધી છે. દરમિયાન ધણપ ગામના એક મકાનમાં વિદેશી દારૂનો છુટક વેપલો ચાલતો હોવાની બાતમી ચિલોડા પી.આઈ. બી.સી. ઠકકરને મળતા મોડી સાંજે તેમની ટીમ દેવેન્દ્રસિંહ રાવ, અલ્પેશકુમાર ચૌધરી, અમૃતભાઈ અંબારામ અને મહિલા પોલીસ ભાવનાબેન રણજીતસિંહ સાથે ધણપના બાતમીવાળા મકાને પહોંચી ગયા હતા અને દરોડો પાડીને મકાનની તલાશી લઈ છ પેટી વિદેશી દારૂ એટલે કે ૭૨ નંગ દારૂની બોટલો મકાનમાંથી મળી આવી હતી. પોલીસે રૂ. ૨૧,૬૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી વોન્ટેડ બુટલેગર બાબુસિંહ રામાજી રાણાની શોધખોળ માટે મોડી સાંજે જ ટીમ દોડતી કરી દીધી હતી. રાત્રિના સુમારે તે બુટલેગરની પણ ચિલોડા પોલીસે ધરપકડ કરી તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી સઘન પુછપરછ આરંભી છે.

# સ્વજનોના અવસાન સમયે અચાનક ફાળો દાન ઉઘરાવવા આવી ચઢતા શખ્સોથી ચેતો

### અખબારોમાં આવતી મૃત્યુ નોંધ જોઈ કેટલાક શખ્સો લાગણીઓનો દુરઉપયોગ કરી ફાળો-દાન ઉઘરાવતા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૪

કોઈ સ્વજનનું અવસાન થયું હોય અને ઘરમાં શોકનું વાતાવરણ હોય તેવા સમયે કેટલાક શખ્સો લાગણીસભર શબ્દો કહી દાનની અપીલ કરે છે અને જે કાંઈ દાન મળે તે લઈ ચાલતા થઈ જાય છે. આવા શખ્સોની કે સંસ્થાની વિશ્વયનીયતા ચકાસ્યા પછી જ દાન આપવું જોઈએ. કેટલાક લેભાગુ શખ્સો જાહેરમાં ફરી આવું તરકટ રચી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

જે ઘરમાં કોઈ સ્વજનનું અવસાન થયું હોય તેમના પરિવારજનોને આ પ્રકારના અનુભવો થઈ ચુકયા છે. અખબારોમાં દરરોજ અવસાન નોંધ કે મૃત્યુ નોંધ છપાય છે. બેસણાની જાહેરાત સાથે સરનામું પણ છપાતું હોવાથી કેટલાક તત્ત્વો આનો ફાયદો ઉઠાવે છે. અવસાન નોંધ અપાય તે દિવસે જ વહેલી સવારે અથવા બેસણું હોય તે સમયે આ શખ્સો પહોંચી જાય છે. જેનું અવસાન થયું હોય તેના કુટુંબીજનોની લાગણીનો તેઓ ગેરફાયદો ઉઠાવે છે. સ્વજનની આત્માની શાંતિ માટે અમુક રકમનું દાન અમુક સંસ્થાને કરો તેવું કહી મહત્તમ દાન મેળવવાનો પ્રયાસ કરાય છે. ઘણા બધા લોકો તેમને દાન આપતા હોય છે. આ શખ્સોની વિશ્વસનીયતા કેટલી છે તેની ચકાસણી કરવી આવશ્યક છે. લાગણીમાં વહી લેભાગુ તત્વોને દાનના નામે પૈસા આપવા જોઈએ નહીં આવા શખ્સોથી સાવધ રહેવું જોઈએ. જે સંસ્થાને દાનની અપીલ કરવામાં આવે છે તે સંસ્થા ખરેખર નોંધાયેલી છે કે કેમ તે ચકાસવું જોઈએ.

# નવરાત્રીના સાજ-શણગાર સજવા ખેલૈયાઓની બજારમાં ભારે ભીડ

### સે. ૨૧, સે. ૨૪ અને નગરના અન્ય બજારોમાં મહિલાએ ખરીદી માટે ભીડ જમાવી



ગાંધીનગર, તા. ૧૪

મા આદ્યશક્તિની આરાધનાનુ અનેરો ઉત્સવ ૧૬મી ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યો છે. નવરાત્રીનો આ મહોત્સવ ગુજરાત જ નહીં પણ હવે તો સમગ્ર વિશ્વમાં ગૂંજતો થયો છે તેની પૂર્વ તૈયારી રૂપે મહિલાઓ અને દીકરીઓ, યુવતીઓ બજારોમાં ઘરેણા, ચણીયા ચોળી વગેરે વસ્તુઓની ખરીદીમાં દોડાદોડ કરી ઉત્સવને ખૂબ જ રંગેચંગે ઉજવવાની તૈયારી કરી રહ્યા છે.

ગાંધીનગરના બજારો છેલ્લા બે દિવસથી ભારે ભીડ ભાડમાં જણાયા હતા. વિદ્યાર્થીઓની પરીક્ષા પુરી થતાં અને શનિવાર તથા રવિવારનો રજાનો માહોલ સર્જાતા, ગાંધીનગરના બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. ખાસ કરીને સેક્ટર-૨૧ના બજારમાં તથા સેક્ટર-૨૪ના બજારમાં ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારની મહિલાઓ તથા યુવાનોની ભારે ભીડ જોવા મળી હતી. દરેક દુકાન જુદી જુદી ડીઝાઈનના ઓર્નામેન્ટસ, ચણીયાચોળી, બાંધણીના દુપટ્ટાઓથી સજ્જ બની છે ત્યારે યુવાનો, યુવતીઓ અને મહિલાઓ છેલ્લા બે દિવસથી નવરાત્રીના શણગાર માટે બજારમાં ફરી ફરીને પોતાને ગમતા ડ્રેસીસ, ઓર્નામેન્ટ ખરીદી રહ્યા છે.

નગરમાં લાયન્સ કલબ, કલ્ચરલ ફોરમ તથા થનગનાટના પાર્ટીપ્લોટ નવરાત્રીની ધૂમ મચાવશે ત્યારે નગરની બહેનો, દીકરીઓ તેમાં ઝૂમવા અને આદ્યશક્તિની આરાધના કરવા શોળે શણગાર સજશે. પાર્ટીપ્લોટના ગરબાઓણાં ઈનામોની વણઝાર રહેશે. ઈનામો મેળવવા માટે પણ ખેલૈયાઓ અવનવા ડ્રેસીસમાં, ઓર્નામેન્ટમાં સજ્જ થઈ દર્શકોમાં આકર્ષણ જન્માવવા અત્યારથી જ શણગાર સજવા તૈયાર થઈ રહ્યા છે.

# રોડ વચ્ચેનો ખાડો વાહનચાલકો માટે મોતનો કૂવો...!!!

### મહાત્મા મંદિરથી ગ-૩ આવતા રોડ પર ખોદાયેલો ઊંડો ખાડો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના ગ રોડ પર છેલ્લા ઘણા સમયથી વાહનોની અવરજવર વધી રહી છે ત્યારે ગ-૩ થી ગ-૪ પરના રસ્તા પર વચ્ચોવચ ઊંડો ખાડો ખોદાતા વાહનચાલકો માટે મુશ્કેલી ઉભી થઈ છે.

ગાંધીનગર ગ-૩ થી ગ-૪ વચ્ચે આવેલી સેક્ટર-૧૨ની સ્વામી વિવેકાનંદ શાળા પાસે રોડની વચ્ચે ઊંડો ખાડો ખોદવામાં આવ્યો છે બસ, રીક્ષા, બાઈક, સ્કૂટર વગેરે વાહનો માટે આ ખાડો મોતના કૂવા જેવો બની ગયો છે. સર્કલ તરફ વળતા વાહનચાલકો અચાનક ખાડામાં પડે તેવી સ્થિતિ સર્જાય તેમ છે. આકસ્મિક રીતે પૂર ઝડપે વાહનો રોડ પરથી પસાર થાય તો સંભવતઃ રોડમાં પડે તેવી જગ્યાએ આ ખાડો ખોદાયો છે. છેલ્લા ઘણા સમયથી રાહદારીઓ તથા વાહનચાલકો આ ખાડાથી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. રાત્રી દરમિયાન અંધારામાં ઘણા વાહન ચાલકો ત્યાં પટકાયા હોવાની પણ બાતમી મળી છે.

## ગબ્બર ચોક, સે-૨૨ના નવરાત્રી સમિતિના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગરના સેકટર-૨૨માં આવેલા ગબ્બર ચોક ખાતે છેલ્લા ૨૨ વર્ષથી નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ સમિતિના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી. નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે કાલીદાસ પટેલ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ ચૌધરી, દિલીપસિંહ વાઘેલા, દશરથભાઈ પટેલ, સહમંત્રી તરીકે રાકેશભાઈ પટેલ, પ્રભાતભાઈ દેસાઈ, રાજેશભાઈ પટેલ, હિમાંશુ પટેલ, અશોકભાઈ પટેલ અને ખજાનચી તરીકે મોનીલભાઈ પટેલ, હિંમતભાઈ શેલડીયા, મુકેશભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

નવરાત્રીના નવેનવ દિવસે ગબ્બર ચોક સેકટર-૨૨માં માં નવદુર્ગાની પૂજા અર્ચના કરવામાં આવશે. ૧૬મીએ લાલઘર મ્યુઝિકલ ગૃપના ભરતભાઈ ઠાકોર, ૧૭મીએ જય અંબે કલાવૃંદના મહેન્દ્રભાઈ રાવળ, ૧૮મીએ જુગલબંદી કલાવૃંદના પ્રકાશભાઈ રાઠોડ, હરેશ રાવત, ૧૯મીએ પૃથ્વીરાજ મ્યુઝિકલ ગૃપના રાજુભાઈ વઘોરા, ૨૧મીએ ઝનકાર ગૃપના રાજુભાઈ ઠાકોર, ૨૨મીએ સુરમધુર મ્યુઝિકલ પાર્ટીના ધર્મેન્દ્રભાઈ નાયક, ૨૩મીએ ઝનકાર ગૃપના ભરતભાઈ ઠાકોર અને ૨૪મીએ રાજ મ્યુઝિકલ ગૃપના રાજુભાઈ વઘોરા નવરાત્રીની રાસ ગરબાની ઝૂમ મચાવશે. ખલૈયાઓ અને ભકતો સંગીત અને સૂરના તાલે ગરબાની રંગત જમાવશે.

## વિશ્વ વંચિત પરિષદ દ્વારા સન્માન સમારોહ યોજાયા

ગાંધીનગર, તા.૧૪

વિશ્વ વંચિત પરિષદ દ્વારા આજે સેકટર-૧૨, આંબેડકર ભવનમાં એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌનો સાથ સૌનો વિકાસ ના સૂત્ર સાથે સમાજમાં ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને તે માટે લોકજાગૃતિ કેળવવા આશય સાથે પરિષદ કાર્યરત હોવાનું તેના અધ્યક્ષ રણવીર દેસાઈએ જણાવ્યું હતું. આ અંગે વધુમાં જણાવ્યું હતું કે સમાજમાંથી અંધશ્રધ્ધા, કુરિવાજો, વ્યસન અને જાતિવાદના વેરઝેર દુર કરવા સંસ્થા વધુ પ્રયત્નશીલ બનશે. ભ્રષ્ટાચારને દૂર કરવા લોક જાગૃતિ કેળવી પ્રદૂષણ મુકત સમાજ બનાવવાના અભિગમ સાથે, આ સંસ્થા આગળની કામગીરીનું આયોજન હાથ ધરી પ્રકૃતિ એ જ ઈશ્વરના સંકલ્પ સાથે લોકો સંગઠીત કરવાનો પ્રયાસ કરશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
ભૂત ૨ : ૧૦.૩૦, ૧૨.૩૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૭.૦૦
અઈય્યા : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૩.૩૦, ૧૦.૦૦
અઈય્યા : ૧૨.૩૦, ૬.૩૦
: સ્ક્રીન-૪ :
ચિત્તાગોંગ : ૧૨.૩૦, ૨.૩૦
મખ્ખી : ૧૦.૦૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ (૩ડી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
મખ્ખી : ૧૧.૪૫, ૩.૪૫, ૮.૧૫
: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
અઈય્યા : ૯.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
બર્ફી : ૧૨.૪૫
: સ્ક્રીન-૪ :
ઈંગ્લીશ વિંગ્લિસ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ભૂત- ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ઓહ! માય ગોડ : ૧.૩૦, ૪.૩૦,
: સ્ક્રીન-૨ :
અઈય્યા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
મખ્ખી : ૧.૪૫, ૪.૧૫

### ચિરાગ, કલોલ

ભૂત રીર્ટન : ૧૦.૪૫, ૩.૪૫, ૮.૩૦
મખ્ખી : ૧૨.૪૫, ૬.૦૦, ૧૦.૩૦

### આંબેડકર હોલ

- કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૪.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : કોઈ ચિંતાથી મુક્તિ મળી શકશે. સમસ્યાઓનું સમાધાન થશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થશે કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**વૃષભ** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. બૌદ્ધિક હેરાનગતિ શકય.

**મિથુન** : વ્યાપારીક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : ધૈર્યથી વ્યાપારીક કાર્યોને પૂર્ણ કરો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. નવા કાર્યોથી દૂર રહો.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. વિવાદિત વ્યાપારીક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે.

**કન્યા** : વિવાદીત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારીક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

**તુલા** : નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થઈ શકશે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મીન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. લલીતાબેન પ્રમોદભાઈ રાઠોડ (ઉ.વ. ૩૦) પ્લોટ નં. ૪૪૨/૨, સેકટર-૬, ગાંધીનગર.
- સ્વ. શામભાઈ નનહુરામ હબદીકર (ઉ.વ. ૮૩) પ્લોટ નં. ૨૧૩/૧, સૂર્યનગર સોસાયટી, સેકટર-૨૫, ગાંધીનગર.